સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પૂરાવાનો મળે આધાર, તો ન્યાય કહેવાય !
લૂછાય આંસુડાં યોધાર તો ન્યાય કહેવાય !
ધર્મથી નથી ન્યાય ને સંબંધ સ્નાન-સૂતકનો -
પીડિતા ને થાય સંતોષ તો ન્યાય કહેવાય!

હાઈકુ

'બદલો નથી'
'રાખો ક્ષમાનો ભાવ' -
બોબડે બોલ્યા !!

સહો શાંતિથી -
દુષ્કર્મોનો આતંક
અનંત વર્ષો...
(નિયમ મુજબ ન્યાય મળે તેની ધીરજ રાખો)

ચિંતન

કામાન્ય: કામયતે મન્યમાન: સકામભિ: જાયતે તત્રતત્ર ।

ઉપરોક્ત શ્લોક મુંડક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

વિષયનું ચિંતન કરનાર, જ્યાં તે મળી શકે, ત્યાં જન્મ લે છે. મૈત્રી ઉપનિષદ કહે છે કે જેવું ચિત્ત હોય તેવો તે બને છે. આ સનાતન રહસ્ય છે. મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.

જે પોતાની જાતને મુક્ત માને છે, માત્ર માને છે એટલું જ નહીં, ખાત્રીપૂર્વક, દૃઢતાથી જાણે છે, તે સદા મુક્ત જ છે, મુક્તિ માટે કાંઈ કરવાની જરૂર નથી. માત્ર જાણવું જ બસ છે, જે કાંઈ કરીએ, તે પણ પાછું બંધન થઈ પડતું હોય છે.

મુક્તિ કર્મનું ફળ નથી, જ્ઞાનનું ફળ છે. જેની બુદ્ધિ વિચારે છે કે હું તો માત્ર દ્રષ્ટા છું, સાક્ષી છું, તેને કાંઈ નડતુ નથી, તે સદા સુખી જ છે અને મુક્ત જ છે.

સુવિચાર

- જે દેશનાં ધર્મસ્થાનો તેના શૈક્ષણિક સંકુલ કરતાં વૈભવી અને આધુનિક બનવા લાગે તો સમજવું કે તે પ્રજા મૂર્ખતા તરફ અને દેશ અધોગતિ તરફ આગળ વધી રહ્યો છે !! - **ઋષભ શાહ**
- જેનું આરોગ્ય સારું છે તેને આશા છે અને જેને આશા છે તેને બધુંય છે ? - **અરબી કહેવત**
- માણસ પોતાની જાતે જ મુશ્કેલીઓ ઊભી કરે છે, બીજા લોકો તો એ મુશ્કેલીઓમાં ઉમેરો જ કરે છે - **રૂમાગો**
- ફરી ચૂંટણીનો, ઈલેકશન યુગ છે, થયો અર્થ : નેતાના દર્શનનો યુગ છે, ફરી થાશે બદનામ ગાંધીની ખાદી, ફરીથી એ જ ખાદી પ્રદર્શનનો યુગ છે - **શેકાદમ આબુવાલા**
- સરલ વ્યક્તિ કે સાથ કિયા ગયા છલ આપ કી બદબાદી કે સભી દ્વાર ખોલ દેતા હૈ, ચાહે આપ કિતને ભી ભડે શતરંજ કે ખિલાડી ક્યોં ન હો - **રામનારાયણ પાઠક**
- ડુંગરોને જમીનદોસ્ત કરવા કરતાં એના પર ચડી જવું વધારે સહેલું છે - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : મહેંદીના પાનને વાટી તેની પોટીસ સોજા પર બાંધવાથી સોજા ઉતરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બાળક સાતમાં ધોરણમાં ભણે છે, ભણવામાં વગર ટ્યુશને ૬૦% માર્ક લાવે. પિતા મોટી કંપનીમાં બાહોશ મેનેજર હતા. તેમણે બાળકનું પરિણામ સુધારવા પર્સનલ ટ્યુશન માટે સાહેબ રાખ્યા. ધીમે ધીમે બાળકની પ્રગતિ થઈ રહી હતી. પિતાએ બાળકને રમવા પર, ટીવી પર, કે બીજી પ્રવૃત્તિઓ પર મનાઈ ફરમાવી હતી. છ માસિક પરિક્ષામાં બાળકને ૭૫% માર્ક આવ્યા. શિક્ષક રાજી થયા તેમણે બાળકને ચોકલેટ આપી. પણ બાળકના પિતા આટલા માર્ક છતાં ખુશ ન હતા. તેમને સાહેબને પૂછ્યું, 'સાહેબ, બાળકનું ભણવાનું કેવું છે?' સાહેબે કહ્યું, 'તે સારું ભણે છે, આ વખતે માર્ક પણ વધ્યા છે.' પિતાએ કહ્યું, 'સાહેબ, આપ ખોટી વાત કરો છો માત્ર ૭૫% માર્ક આવ્યા છે... મને તો ૯૦%થી વધારે માર્ક જોઈએ છે... તમે ફી વધારે લઈ લો. વધારે સમય ભણાવો. સવારે વહેલા ઉઠીને ભણાવવા આવો.' સાહેબે વાલીનો દુરાગ્રહ જોઈ જવાબ આપતા કહ્યું, 'ઠીક છે, તમે મેને રોજનાં એક લાખ રૂપિયા ફી આપશો. તો હું ગેરંટી આપું છું કે આપના બાળકને ૯૦% માર્ક આવશે જ.' વાલી બોલ્યા, 'રોજના એક લાખ? એટલા તો હું પોતે નથી કમાતો...' સાહેબે કહ્યું, 'અરે તમે નથી કમાતા પણ હવે જાઓ... વધુ કામ કરો.... ઓવર ટાઈણ કરો... પાર્ટી, વેકેશન, સિનેમા, હોટલ વગેરે મોજશોખ બંધ કરો. તો તમે મારી ફી ચૂકવી શકશો...' હવે વાલી ચૂપ થઈ ગયા. સાહેબે કહ્યું, 'જેમ તમે અમુક રૂપિયાથી વધારે રાતોરાત કમાઈ નહિ શકો ભલે તમે ચોવીસ કલાક કામ કરશો. તેમ તમારું બાળક પણ ૯૦% નહીં લાવી શકે. હા તેના માર્ક વધે, તેની સમજણ સારી રીતે ખીલે તે માટે હું કામ કરું જ છું અને હા યાદ રાખજો માત્ર માર્ક જ સફળતાની નિશાની નથી.' વાલીને પોતાની ભૂલ સમજાઈ.

નાગરિકતા બિલ અંગે હજુ શંકા-કુશંકા

તંત્રીસ્થાનેથી...

પોતાના ચૂંટણી ઢંઢેરામાં આપેલ વચન મુજબ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી સરકાર વિવિધ એજન્ડાઓનું અમલીકરણ કરી રહી છે. એમાં તીન તલાક નાબૂદીથી લઈ અયોધ્યામાં રામજન્મભૂમિ પર મંદિર નિર્માણ અને જમ્મુ-કાશ્મીરને દેશથી અલગ દરજ્જો આપતી ૩૫-એ તથા ૩૭૦મી કલમની નાબૂદી સુધીની બાબતો મોદી સરકારે પ્રમાણમાં ઓછા વિરોધ સાથે હલ કરી દીધી છે જે એની નિષ્ઠા અને ઈમાનદારીનો પુરાવો છે. નાગરિકતા બિલ પણ વિપક્ષોના હોબાળા વચ્ચે બંને ગૃહોમાં પસાર કરી દેવામાં સરકારને સફળતા સાંપડી છે. પરંતુ અહીં પૂર્વોત્તર રાજયોએ આ મુદ્દે શરૂ કરેલ આંદોલન સરકાર માટે ભારે શિરોવેદના સરજી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં સ્થાનિક રાજકીય પક્ષો અને અત્યાર સુધી મોજ-મજા માણનારા ખાસમખાસ 'શાહી' પરિવારો સિવાય ભાગ્યે જ બીજો કોઈને એના વિશિષ્ટ દરજ્જાની ચિંતા હતી. કોંગ્રેસ માટે પણ ૩૭૦મી કલમનું સમર્થન કરવું એ અવઢવનો વિષય બની રહ્યો હતો. જયોતિરાદિત્ય સિંધિયા જેવા યુવા અગ્રણીએ સ્પષ્ટપણે જમ્મુ-કાશ્મીરના વિશિષ્ટ દરજ્જાની સમાપ્તિને આવકારી હતી; એ જ રીતે કાશ્મીરના પૂર્વ મહારાજા ડૉ. કરણસિંહે પણ કેન્દ્ર સરકારના પગલાને યોગ્ય ઠેરવ્યું હતું. અયોધ્યા મામલે તો રડ્યા ખડ્યા ઓવૈસી બાજુ મુસ્લિમો સિવાય ખુદ પક્ષકાર મુસ્લિમ જમાતે પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાને શિરોમાન્ય રાખી કોમી એખલાસનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. નાગરિકતા સુધારા બિલમાં પાડોશી ત્રણ દેશો - પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી હિજરત કરીને આવેલા બિનમુસ્લિમોને અગિયાર વર્ષને બદલે છ વર્ષના ભારત વરવાટથી જ નાગરિકતા મળી જવાની વ્યવસ્થા છે. જે દુખિયારા હિજરતી હિંદુ, શીખ, ઈસાઈ, બૌદ્ધ અને જૈન ધર્માવલંબીઓ માટે આશીર્વાદરૂપ બાબત છે. પરંતુ એથી પૂર્વોત્તર રાજયોની ડેમોગ્રાફી બદલાઈ જશે અને એમની સાંસ્કૃતિક પરંપરાઓ પર સંકજો કસાશે એવી ધાસ્તીને કારણે આ રાજયોમાં બિલનો હિંસક પ્રતિકાર થઈ રહ્યો છે. પૂર્વોત્તર આમ પણ ભારતથી અલગ-થલગ પડી ગયેલો પ્રદેશ છે અને ત્યાં બાંગ્લાદેશમાંથી ઘૂસણખોરી કરીને આવેલા હિંદુઓને નાગરિકતા મળી જતાં કેટલાંક રાજયોની ખ્રિસ્તી ઓળખ જોખમાઈ શકે છે. આવાં કારણોસર ભાજપ અને એની સમર્થક સ્થાનિક અસમ ગણ પરિષદ પાર્ટીના કાર્યકરો તથા કાર્યાલયો પર હુમલા થઈ રહ્યા છે. આ પરિસ્થિતિની ગંભીરતાની નોંધ ખુદ વડાપ્રધાને લીધી છે અને કોઈના હક્કો નહીં છીનવાય એની ખાતરી આપી છે. છતાં પ્રજાકીય જુવાળ બિલની વિરુદ્ધમાં છે તે સૂચક છે. વૈશ્વિક સ્તરે પણ ઈસ્લામના અનુયાયીઓને હાંસિયે મૂકવાની ચાલ તરીકે આ બિલને જોવામાં આવી રહ્યું છે તે સૂચક છે. જો કે મોદી સરકારના પેટનું પાણી હાલે એમ નથી કારણ કે એની પાસે બહુમતી છે. વળી આ બિલથી એમનો હિંદુત્વનો એજન્ડા વધુ મજબૂત બને છે.

અબ મૈં નાચ્યો બહોત ગોપાલ...

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

દિલ્હી, આગરા અને મથુરા પાસે સિહી નામનું ગ્રામ છે. ત્યાં ૧૪૭૯માં સારસ્વત બ્રાહ્મણ પંડિત રામદાસજીના ઘરે પુત્રનો જન્મ થયો. પરંતુ કુટુંબમાં આનંદ ન હતો. બાળક બંને આંખે અંધ હતો.

બાળક સમજણો થયો; ત્યાં ચમત્કાર થયો. ગામમાં કોઈની વસ્તુ કે વ્યક્તિ ખોવાય - તો લોકો એને પૂછે. એ જે જવાબ આપે; એને આધારે, જે તે વસ્તુ કે વ્યક્તિ એમને મળી જાય ? એ હવે લોકોનો લાડિલો થઈ ગયો.

માતાપિતાની સંમતિ સાથે એમણે ગૃહત્યાગ કર્યો. આગરાના રેણુકાક્ષેત્રના ગઉઘાટમાં સ્થાયી થયા. અહીં તેમને આચાર્ય વલ્લભાચાર્યનો મેળાપ થયો. શુદ્ધાર્દૈતના આ પ્રણેતાએ એને વૈષ્ણવોના પુષ્ટિમાર્ગની દિશા આપી. હવે આચાર્યએ સુરદાસનું નામકરણ કર્યું. એ સુર-ભણવાન શ્રીકૃષ્ણના દાસ હતા.

પંદર વર્ષની વયે એમને કૃષ્ણભક્તિના પદો સ્ફૂરવા લાગ્યાં. કંઠ તો મધુર હતો જ. મધુર કંઠે એ ભક્તિપદો ગાય. લોકોનો એના માટે આદર વધવા લાગ્યો. એના પદોમાં વાત્સલ્ય, શાંત અને શૃંગાર રસનો ત્રિવેણી સંગમ હોય. (૧) યશોદાનો બાલકૃષ્ણ માટે વાત્સલ્યભાવ (૨) ઉત્કટ ભક્તિ હોય એટલે શાંત (૩) રાધા અને કૃષ્ણનો ધર્મપ્રેરિત શૃંગારભાવ આચાર્યના અનુગામી વિઠ્ઠલાનાથજી એ એને આઠ વૈષ્ણવકવિઓમાં ઉત્તમ સ્થાન આપ્યું.

લાગલગાટ નેવું વર્ષ સુધી આ સંત કવિની પદ રચનાઓ થયા કરી. એમનાં પાંચ હજાર પદ ઉપલબ્ધ છે. અંત સમયે એમનાં ચિત્તમાં રાધાકૃષ્ણ બિરાજમાન થયા. ૧૦૫ વર્ષની વયે એમણે ગોલોકધામમાં પ્રવેશ કરી લીધો. શ્રીકૃષ્ણ એમને હાજરાહજૂર. એ પદો ગાતા હોય, તો બાલકૃષ્ણ એની સામે બેસી જાય. એ ખાડામાં પડે આખડે, તો બાલકૃષ્ણ એની લાકડી પકડીને સાચવી લે. શ્રીનાથજીના રોજેરોજ બદલાતા સ્વરુપનું આબેહુલ વર્ણન કરે; તો લોકોને ભારે આશ્ચર્ય થાય.

એમનાં કેટલાંક એકદમ જાણીતા પદો આ છે :-

(૧) અબ મૈં નાચ્યો બહોત ગોપાલ

(૨) હમારે પ્રભુ અવગુણ ચિત્ત ન ધરૌ

(૩) અખિયાં હરિદરસન કી પ્યાસી.

(૪) કબ દેખૌ મેરી ઓર? નાગર નંદકિશોર

ગોવર્ધન પર્વતની તળેટીમાં ચંદ્ર સરોવર છે. એને કિનારે આ સંતકવિનો નિવાસ હતો. ત્યારે બાદશાહ અકબર અને તાનસેને એમની પાસેથી કૃષ્ણભક્તિનું પદ સાંભળ્યું હતું. અને આદર સાથે પ્રસન્નતા વ્યક્ત કરી.

સંત સુરદાસનું હિંદી સાહિત્યમાં મહાકવિનું ઉત્તમ સ્થાન છે. બીજાઓની એમની ઉત્તમતા પુરવાર કરવા, આ પદ પ્રસિદ્ધ છે :-

સુર સૂર, તુલસી શશિ; ઉડુગણ કેશવદાસ;
બાકી કે ખદ્યોત સમ; જયોં ત્યોં કરત પ્રકાસ.

(૧) સુરદાસ સૂર્ય છે.

(૨) તુલસીદાસ ચંદ્ર છે.

(૩) કેશવદાસ તારકસમૂહ ચે.

(૪) બાકીનાં બધાં તો આગિયા છે. આમ તેમ ફરતા રહે છે અને ચમક્યા કરે.

ત્રીજી ડિસેમ્બર વિશ્વ વિકલાંગ (દિવ્યાંગ) દિન છે, સંદેશ આ જ છે; વિકલાંગ વ્યક્તિ નાસીપાસ ન થાય, પોતાનામાં પડેલી સુષુપ્ત શક્તિને ઉજાગર કરે તો સમાજમાં સન્માન્ય, પ્રતિષ્ઠિત અને ચીરંજીવ સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

વિશ્વનો સૌથી મોટો નદી ટાપુ 'માજુલી' કઈ નદી પર છે?

ખજાનો
અનિલ પટેલ

વિશ્વ ભૂગોળ

૧ ઉત્તર ગોળાર્ધમાં કયા દિવસે સૌથી નાનો દિવસ હોય છે ?
(અ) ૨૧ માર્ચ (બ) ૨૩ જૂન
(ક) ૨૧ સપ્ટેમ્બર (ડ) ૨૨ ડિસેમ્બર

૨ પૃથ્વી નારંગી જેવા આકારની છે તેવું સાબિત કોણે કર્યું હતું ?
(અ) આર્યભટ્ટે (બ) ગેલેલીયોએ
(ક) સર આઈઝેક ન્યૂટને (ડ) આપેલ પૈકી એક પણ નહીં

૩ જયારે રાત્રિ દિવસ સરખા હોય ત્યારે સૂર્યનાં સીધાં કિરણો કયાં પડતા હોય છે ?
(અ) વિષુવવૃત્ત પર (બ) મકરવૃત્ત પર
(ક) કર્કવૃત્ત પર (ડ) ધ્રુવ પ્રદેશો પર

૪ 'સી ઓફ ટેક્વિલીટી' કયાં આવેલ છે ?
(અ) સૂર્ય પર (બ) ચંદ્ર પર
(ક) મંગળ પર (ડ) ગુરુ પર

૫ અગ્નિકૃત ખડકો શાનાથી બને છે ?
(અ) ધરતીકંપથી (બ) વાવાઝોડાથી
(ક) લાવારસ જામવાથી (ડ) ચુનાના પથ્થરોથી

૬ રણપ્રદેશમાં વાદળો કેમ વરસતાં નથી ?
(અ) રેતીના કારણે (બ) ઠંડીના કારણે
(ક) ગરમીના કારણે (ડ) ઓછા ભેજના પ્રમાણને લીધે

૭ વિકટોરીયા સરોવર કયા ખંડમાં આવેલું છે ?
(અ) એશિયા (બ) આફ્રિકા
(ક) અમેરિકા (ડ) ઓસ્ટ્રેલિયા

૮ ક્ષેત્રફળની દૃષ્ટિએ સૌથી વિશાળ ખંડ કયો છે ?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) અમેરિકા
(ક) એશિયા (ડ) યુરોપ

૯ સાગરોથી અધિકત્ ઊંડાઈ આશરે કેટલી છે ?
(અ) ૮ કિ.મી. (બ) ૯ કિ.મી.
(ક) ૧૦ કિ.મી. (ડ) ૧૧ કિ.મી.

૧૦ કયો સમુદ્ર સૌથી ખારો સમુદ્ર છે ?
(અ) રાતો સમુદ્ર (બ) મૃત મહાસાગર
(ક) અરબી સમુદ્ર (ડ) પ્રશાંત મહાસાગર

૧૧ વિશ્વમાં કેટલા દેશો છે જેની સરહદો ચારે બાજુ જમીનથી જોડાયેલી છે ?
(અ) ૪૦ (બ) ૪૨
(ક) ૪૮ (ડ) ૫૨

૧૨ વિશ્વનો સૌથી મોટો મુખ ત્રિકોણ પ્રદેશ સુંદરવન કયાં આવેલ છે ?
(અ) પં. બંગાળ (બ) ઓરિસ્સા
(ક) કર્ણાટક (ડ) ગુજરાત

૧૩ પૃથ્વી પરનો સૌથી નાનો ખંડ કયો છે ?
(અ) એશિયા (બ) દ. અમેરિકા
(ક) આફ્રિકા (ડ) ઓસ્ટ્રેલિયા

૧૪ આફ્રિકન ટાપુ 'મોરેશિયસ' માં કયા લોકો બહુમતીમાં છે ?
(અ) ભારતીય (બ) બ્રિટીશ
(ક) પાકિસ્તાની (ડ) શ્રીલંકન

૧૫ વિશ્વનો સૌથી મોટો નદી ટાપુ 'માજુલી' કઈ નદી પર છે ?
(અ) ગંગા (બ) કાવેરી
(ક) બ્રહ્મપુત્રા (ડ) કૃષ્ણા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૧૩ ડિસેમ્બર :**
  - ગુજરાતી ભાષામાં સૌપ્રથમ સચિત્ર ગુજરાતી સામયિક શરૂ કરનાર હાજી મહમદ અલ્લારખિયા શિવજીનો જન્મદિવસ (૧૮૭૮)
  - શરીરની રૂધિરાભિસરણ રચના અંગે અદ્વિતિય શોધ કરનાર ડૉ. વિલિયમ હાર્વેનું નિધન (૧૬૫૧)
  - રઘુનાથ બ્રહ્મભટ્ટનો જન્મદિવસ (૧૮૯૨)
- **૧૪ ડિસેમ્બર : રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ**
  - ભારતીય ઈતિહાસના તટસ્થ અને ગરવા સંશોધક ફાધર હેનરી હેરાસનું નિધન (૧૯૫૫)
  - સાહિત્યકાર પુષ્પરાજ જોષીનો જન્મદિવસ (૧૯૩૮)
  - જાણીતા ફિલ્મકાર શ્યામ બેનેગલનો જન્મદિવસ (૧૯૩૪)
  - ઉપેન્દ્રનાથ 'અશ્ક' નો જન્મદિવસ (૧૯૧૦)
- **૧૫ ડિસેમ્બર :**
  - મિકી-માઉસ નામની કાર્ટૂન ફિલ્મથી જાણીતા 'વોલ્ટ ડિઝની' નું નિધન (૧૯૬૬)
  - મુંબઈ નગરીના સેવાભાવી ડૉકટર ડૉ. ભાસ્કરરાવ વી. પોધનો જન્મદિવસ (૧૮૯૮)
  - ફ્રાન્સે પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીને હરાવ્યું (૧૯૧૬)
  - સરદાર વલ્લભભાઈ પટેલનું નિધન (૧૯૫૦)
- **૧૬ ડિસેમ્બર : બાંગ્લાદેશ મુક્તિ દિવસ**
  - ફ્રેન્ચ સાહિત્યના સફળ નાટ્યકાર અને નિબંધકાર સમરસેટ મોમનું નિધન (૧૯૬૫)
  - માત્ર ૫૮ ટેસ્ટમાં ૨૫૯ વિકેટ લેનાર વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર જોએબ ગાર્નરનો જન્મદિવસ (૧૯૫૨)
  - દક્ષિણ આફ્રિકાનો સ્થાપના દિવસ (૧૮૮૦)
  - હૈદરાબાદમાં સાલારજંગ સંગ્રહાલયની સ્થાપના (૧૯૫૧)
- **૧૭ ડિસેમ્બર :**
  - મહાત્મા ગાંધીના અંતેવાસી ડૉ. ભોગરાજ પટ્ટાભી સીતા રામૈયાનું નિધન (૧૯૫૯)
  - ચરિત્ર અભિનેતા સુરેશ ઓબેરોયનો જન્મદિવસ (૧૯૪૬)
  - અમેરિકાએ પોતાની પહેલી બેલેસ્ટીક મિસાઈલનું પરીક્ષણ કર્યું (૧૯૫૭)
  - હમ્ફી ડેવિડ (બ્રિટન)નો જન્મદિવસ (૧૭૭૮)
- **૧૮ ડિસેમ્બર :**
  - ન્યાયનિષ્ઠ રાજપુરુષ ધારાશાસ્ત્રી સર તેજબહાદુર સપ્રુનો જન્મદિવસ (૧૮૭૫)
  - સાયન્સ ફીકશનને મોટા પડદા પર જીવંત કરનાર સ્પીલબર્ગનો જન્મદિવસ (૧૯૪૬)
  - સચિન તેંડુલકરે વન-ડે ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ કર્યો (૧૯૮૯)
  - વિલિયમ બોન્ડે ટેલિસ્કોપની મદદથી ચંદ્રની તસ્વીર મેળવી (૧૮૪૯)
- **૧૯ ડિસેમ્બર : ગોવા મુક્તિ દિવસ**
  - જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઉમાશંકર જોષીનો જન્મદિવસ (૧૯૧૧)
  - ગુજરાતના પહેલી પંક્તિના ઉદ્યોગપતિ શેઠ કસ્તુરભાઈ લાલભાઈનો જન્મદિવસ (૧૮૯૪)
  - પાન્ડુરંગ ગો દેશપાન્ડેનો જન્મદિવસ (૧૯૦૦)
  - શૂન્ય પાલનપુરની જન્મદિવસ (૧૯૨૨)

ગત સપ્તાહના સવાલનો જવાબ

કયા સંસદની ગાંધીજી વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ મહત્ત્વના સ્થાનો પરથી હકાલપટ્ટી કરવામાં આવી ? જવાબ : સાધ્વી પ્રજ્ઞા ઠાકુર (સંસદ સભ્ય)

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) ઋજિત રાવલ : સે-૭ડી (૪) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૫) શિવાંગ બી પટેલ : સરગાસણ (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

સરસ્વતીચંદ્રના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીનું વતન કયું શહેર છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

નાક અને નસકોરાં

હળવે હૈયે
પ્રકાશ લાલા

નાક... શરીરના આ અંગ સાથે જોડાયેલ શબ્દો, રૂઢિપ્રયોગો એટલે 'નાક ઊંચું રાખવું', 'નાક ચઢાવવું', 'નાક કપાવવું', 'નાક લીટી તાણવી', 'નાક વગરનો', વગેરે.... બહેનોને 'નાક' શબ્દ સાંભળતાં જ 'નથણી' ને 'ચુની' યાદ આવે એ સ્વાભાવિક છે પણ આજે અમારે તો 'નાક' સાથે જોડાયેલ બીજી એક બાબતની વાત કરવી છે - એ છે 'નસકોરાં.'

ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોવાનો.... એમ નાક હોય એટલે નસકોરાં યાને કે ઊંઘમાં બોલતાં નસકોરા પણ હોવાનાં જ.... કુદરતે ફૂલ સાથે રંગ ને સુગંધ મૂક્યા છે, દિવસ સાથે રાત, સુખ સાથે દુઃખ, સૂરજ સાથે તડકો, શિયાળા સાથે ઠંડી આવ્યા છે, બસ, એમ જ નાક સાથે ઊંઘમાં બોલતાં નસકોરાં પણ આવ્યા છે... આ બાબતે અમારા લાલાકાકાએ પ્રશ્ન કર્યો કે, 'તો પછી શ્રીકૃષ્ણએ' 'ગીતા'માં મહિનાઓમાં હું માગશર છું, સમાસમાં હું દ્વંદ્વ છું, વૃક્ષોમાં હું પીપળો છું, નાગોમાં હું વાસુકિ છું, છંદોમાં હું ગાયત્રી છું, ઋતુઓમાં વસંત છું, એવું બધું કહ્યું છે તો નાકમાં હું નસકોરાં છું એવું કહેવું જોઈતું હતું ને?

'આટલું બધું ગણાવવામાં શ્રીકૃષ્ણ ભગવાન આ ગણાવવાનું ભૂલી ગયા હશે, અંકલ... ને કદાચ બધાં જ નાક વાળા ઊંઘમાં નસકોરાં નહીં બોલાવતા હોય એટલે પણ ભગવાન શ્રી યોગેશ્વરે 'નાકમાં હું નસકોરા છું,' એવું નહીં કહ્યું હોય!' કહી અમે રેડ અંકલના વિચિત્ર સવાલનો ચિત્રવિચિત્ર ઉત્તર વાળ્યો...

પણ ઊંઘમાં બોલતાં નસકોરાંઓનું વૈવિધ્ય કેવું હોય છે, નહીં ? કોઈનાં શાંત-ધીર-ગંભીર તો કોઈનાં સુપર ફાસ્ટ ટ્રેઈનના અવાજે જવાં !! કોઈનાં ભારખાનાં જેવાં ને કોઈનાં બુલેટની 'બ્રેક' જેવાં!! કોઈનાં નસકોરાં તાલબદ્ધ સંગીતમય લાગે ને કોઈનાં બેતાલ - ઘોંઘાટિયાં (આજનાં) મ્યુઝિક જેવાં!!

વળી, નાકના આકાર સાથે તેમાંથી નિંદ્રામાં પ્રગટતાં નસકોરાંને કોઈ સંબંધ નથી હોતો એવું પણ અમારું ઓબઝર્વેશન છે... સુંદર, ઘાટિલા, પાણીદાર મતલબ ચહેરાની - રૂપની શોભામાં અભિવૃદ્ધિ કરનારું નાક કદાચ એટલાં સરસ-આકર્ષક નસકોરાં ન પણ બોલાવતું હોય ને જાડા-ભીંડા જેવા નાકમાંથી સૂરમય નસકોરાં સાંભળવા મળી જાય...

માણસના અવાજ સાથે તેનાં નસકોરાંના અવાજને પણ સંબંધ નહીં જ હોય... ઘોઘરા-ઊંચા એટલે કે કાયમ કોઈને ધમકાવતા જ હોય એવા અવાજના માલિકનાં રાત્રે ઊંઘમાં બોલતાં નસકોરાં સાવ ધીમા - મંદ સ્વરમાં હોય ને સૂકલકડીને બોલે તો પરાણે સંભળાય એવા અવાજ વાળી વ્યક્તિનાં નસકોરાં મોટાં - દૂર સુધી સંભળાય એવાં બોલતાં હોવાના કિસ્સા જોયા છે...

લાઈફ પાર્ટનર્સ - પતિ-પત્ની બેયના નસકોરાં બોલાવતાં હોય તો તો વાંધો ન આવે... પણ બેમાંથી એકનાં બોલતાં હોય તો બીજાને રાત્રે ઊંઘાધીન થવામાં મુશ્કેલી પડતી હોય છે.... પતિ પથારીમાં પડે એવા જ નસકોરાં બોલાવવાનું શરૂ કરી દે તો પત્નીને ડિસ્ટર્બન્સ થાય ને ક્યાંય સુધી તેને ઊંઘ ન આવે... ને એવું જ 'વાઈસ એ વર્સા'... આવા સંજોગોમાં નસકોરાં ન બોલાવનારે બોલાવનારા કરતાં વહેલા વહેલા સૂઈ જવું, કામમાં રૂનાં પૂમડાં નાંખીને સૂવું, જેવા ઉપાયો પ્રયોજવા પડે... જો કે આમાં પેલાં જોક જેવું છે... એક ભાઈ જયોતિષ પાસે ગયા ને હાથ બતાવી પૂછ્યું : 'મહારાજ, પૈસા વગર ત્રાસી ગયો છું.... દુઃખી છું, કહો કે મારા દુઃખનો - મારી ગરીબીનો કપરો કાળ ક્યારે પૂરો થશે ?' જયોતિષિએ હસ્તરેખાઓ તપાસી કહ્યું : 'પાંચ વર્ષ પછી' પેલાએ 'હાશ' અનુભવતા કહ્યું : 'એ પછી મહારાજ...'

'ના પછી તમે એનાથી ટેવાઈ ગયા હશો... એટલે ત્રાસ નહીં લાગે !!' જયોતિષિએ ઠંડકથી કહ્યું.

નસકોરાં વિશે પણ આવું હોય છે... શરુઆતમાં લાઈફ પાર્ટનરનાં નસકોરાં ત્રાસરૂપ લાગે પણ પછી 'પડ્યું પાનું નિભાવી લેવાનું' હોય છે એમ એનાં નસકોરાંથી પણ ટેવાઈ જવાય છે...

પરદેશમાં આવી 'પડ્યું પાનું નિભાવવાની' કે 'એડજેસ્ટમેન્ટ - અન્ડરસ્ટેન્ડીંગ'નો રિવાજ ન હોવાથી જ મારો હસબન્ડ નસકોરાં બહુ બોલાવે છે... મને ત્રાસ થાય છે' ના ગ્રાઉન્ડ પર ન્યાયાધીશ છૂટાછેડા મંજૂર કી દે છે... કદાચ એવા જજ પોતે પણ ઘરવાળીનાં નસકોરાંથી ત્રાહિમાન હોવાનો સંભવ ખરો...

તેથી જ સ્તો... 'ઘાયલ કી ગત ઘાયલ જાણે' ના નાતે આવા જજમેન્ટ આપી દેતા હશે...

નસકોરાં બાબત મજાની વાત એ છે કે જેનાં બોલતાં હોય છે એ વ્યક્તિ પોતે નસકોરાં બોલાવે છે એ વાત જલ્દી માનવામાં તૈયાર નથી હોતી.... હવે જો કે મોબાઈલમાં એનું વીડિયો રેકોર્ડીંગ કરીને સાબિત કરવાનું સરળ બન્યું છે પણ એ બતાવ્યા પછી શું ?

કુદરતે મુકેલા નસકોરાં બોલતા બંધ કરવાનું હાથમાં નથી હોતું... હા, રાત્રે એને ઢંઢોળી - જગાડીને કે નાક દબાવી દઈ એનાં નસકોરાં બંધ કરી શકાય છે પણ આપણી અર્ધ નિદ્રામાં ને ઊંઘવા નહીં દેતા હોવાથી ચીડમાં ક્યાંય નાક જોરથી દબાઈ જાય તો નસકોરાં નહીં શ્વાસ બંધ થઈ જવાનો 'અકસ્માત' થઈ જાય ને !! એના કરતાં તો એ નસકોરાંમાં કોઈ ગીતના શબ્દો - સંગીત સાંભળવાનો પ્રયત્ન કરવાની તટસ્થતા - પોઝિટિવ એપ્રોચ કેળવવાથી પ્રસન્નતાપૂર્વક જીવી શકાય - ખરું કે નહીં ?